એનાની ખાસ ભેટ



એનાની ખાસ ભેટ



યોરીકા ત્સુત્સુઈ

ચિત્ર: અકિકો હયાશી

એક દિવસ એના એની સૌથી સારી

બહેનપણી સૂઝી સાથે સ્કૂલથી ઘરે આવી.

એ એનાની બહુ ખાસ ઢીંગલી, એમિલી

સાથે રમવાની હતી.

પણ જયારે એના એને શોધવા ગઈ, તો એ

ગાયબ થઈ ગઈ હતી.

"મને પાકી ખાતરી છે કે કેટી (એનાની

નાની બહેન) એ એને લીધી છે. એ હંમેશા

મારી એમિલીને લઈ જાય છે.

કેટી! મને એમિલી પાછી જોઈએ છે!

મને એ પાછી આપી દે!"





એનાની માઁ કેટીને તેડીને

શયનકક્ષમાંથી બહાર આવી.

"ચૂપ રહે, એના! કેટી સૂઈ ગઈ છે -

એની તબિયત સારી નથી."

એનાએ પૂછ્યું..."એને શું થયું છે?"

"મને ખબર નથી," એની માઁ એ કહ્યું,

"પણ હું એને રસ્તાની સામે બાજુ ડોક્ટર

પાસે લઈ જાઉં છું. આ લે એમિલી.

મહેરબાની કરીને સારી છોકરીઓ બનો

અને જ્યાં સુધી હું પાછી ન આવું, ત્યાં

સુધી અહીં ચુપચાપ રમો.

મને બહુ વાર નહીં લાગે."





એના અને સૂજી એમિલીની દેખભાળ કરતા હોય એમ ડોક્ટર-ડોક્ટર રમવા લાગી. થોડી વાર પછી એનાની માઁ એકલી પાછી ફરી. એ બહુ ચિંતિત લાગી રહી હતી.

"કેટીને હોસ્પિટલ લઈ જવી પડશે. ડોક્ટરોને લાગે છે કે એનું એપેન્ડિક્સ કાઢવું પડશે."

"શું એને એનું પેટ કાપવું પડશે?"

"હા, એના, પણ એ એને સાવ પહેલા જેવું જ સીવી દેશે. એ બહુ સારા ડોક્ટર છે, એટલે ચિંતા કરવાની કોઈ જરૂર નથી."





એનાની માઁ એના શયનકક્ષમાં ગઈ અને કેટી માટે એક બેગમાં સામાન ભર્યો. "મને કેટીના રાતના કપડાં લઈ જવાના છે."

"એ પાછી ક્યારે આવશે?" એનાએ પૂછ્યુ.

"એનાને થોડા દિવસો માટે હોસ્પિટલમાં રાખવી પડશે, પણ તું એને મળવા જઈ શકે છે. ચિંતા નહીં કર, એના. એ થોડા સમયમાં સારી થઈ જશે. હવે સાંભળ. પરસાળની પેલી બાજુ મિસિસ થોમસ તારા પાપા ઘરે આવે ત્યાં સુધી તારું ધ્યાન રાખશે. મેં હમણાં તારા પાપા સાથે ફોન પર વાત કરી છે અને એ જલ્દી ઘરે આવી જશે. તું અને સૂજી એના આવવા સુધી સારી રીતે રહેશોને? મારે હોસ્પિટલ જવાનું છે."

"મમમ..."









એના અને સૂજી એમિલી સાથે થોડું વધારે રમ્યા.

અચાનક આકાશ કાળું થઈ ગયું, અને બારીમાંથી પવન અંદર આવવા લાગ્યો.

પાપા હજી ઘરે આવ્યા ન હતા.

"વરસાદ શરુ થાય એ પહેલા મારે ઘરે જવું જોઈએ,“ સૂજીએ કહ્યું.

"પ્લીસ થોડી વધારે વાર રોકાઈ જા. પાપા જલ્દી ઘરે આવી જશે."

પણ આકાશ વધારે કાળું થતું ગયું.

"મારે હવે જવું જોઈએ.વરસાદ આવશે," એવું કહીને સૂજી ત્યાંથી જતી રહી.

હવે એના એકલી થઈ ગઈ.

પવન તેજ થઈ ગયો અને વરસાદ વરસવા લાગ્યો.

અચાનક વીજળી ચમકી અને જોરથી વાદળ ગરજ્યા. એના ડરી ગઈ. પાપા હજી ઘરે આવ્યા ન હતા. એ દોડી અને એમિલીને પકડીને એના ધાબળા નીચે સંતાઈ ગઈ.

"ડર નહીં, એમિલી. હું તારી દેખભાળ કરવા અહીં છું. આપણે મેઘગર્જનાથી ડરતા નથી, હેં ને? અને કેટી પણ જલ્દી સારી થઈ જશે."

ત્યાં એટલું હૂંફાળું હતું કે એને થોડા સમયમાં ઊંઘ આવી ગઈ.



અચાનક બત્તી ચાલુ થઈ અને

એના જાગી ગઈ. ડેડી રૂમમાં આવ્યા

અને એના પાસે બેસી ગયા.

"એના દીકરી, મને માફ કરી દે, મને

આવવામાં મોડું થયું.

તું જરૂર ડરી ગઈ હોઈશ."

એણે એને આલિંગનમાં લઈ લીધી.

"ચાલ કંઈક ખાવા જઇયે."






એનાએ ટેબલ પર ત્રણ જણ માટે તૈયારી કરી.

"એક ડેડી માટે, એક એમિલી માટે, અને એક મારે માટે."

ત્યાં ફોનની ઘંટડી વાગી. ડેડીએ ફોન ઉપાડયો.

"હેલો! એને કેમ છે? ઓહ...ભગવાનનો આભાર! એના!"

એના ફોન પાસે ગઈ. એની માઁ નો અવાજ અજબ લાગી રહ્યો હતો અને બહુ દૂરથી આવી રહ્યો હતો.

"હેલો એના, કેટી નું ઓપરેશન થઈ ગયું છે. એ હજી સૂતી છે, પણ એ જલ્દી ઉઠી જશે. હું આજે રાતે એની સાથે રહીશ, અને તું અને ડેડી કાલે આવીને એને મળી શકો છો. શું એ બરાબર થશે?"

"ઠીક છે," એનાએ બહુ ધીમા અવાજે કહ્યું.

એ રાતે એનાના પાપા કેટીના પલંગમાં સૂતા.

બીજે દિવસે સવારે એના બહુ જલ્દી ઉઠી ગઈ.

"હું વિચારું છું કે કેટી માટે હોસ્પિટલ શું લઈ જાઉં."


એને રંગીન કાગળનો એક ડબ્બો મળ્યો અને એ એને ફૂલો અને પક્ષીઓ જેવી સુંદર આકૃતિઓમાં વાળવા લાગી. પણ ત્યાં એને એનાથી વધારે સારો વિચાર આવ્યો.

"મને ખબર છે કે હું કેટીને કઈ વિશેષ ભેટ આપી શકું છું! કંઈક એવું જે એને સાચે ગમશે!"

એનાએ એક મોટું પાર્સલ પેક કરવાનું શરુ કર્યું.







એ બપોરે એના અને

એના પિતા હોસ્પિટલ

ગયા.



એને કેટીના રૂમમાં લઈ જવામાં

આવ્યા.

ત્યાં એ પથારીમાં સૂતી હતી અને

એના હાથમાં એક ટ્યુબ લગાવેલી

હતી.

એને જોઈને એ બહુ ખુશ લાગી રહી

હતી.

"ડેડી! એના!"





નર્સ આવી અને એણે કેટીના હાથમાંથી ટ્યુબ કાઢી
નાખી.

"તારી પાસે શું છે, એના?"

એની માઁ એ પૂછ્યું.

એના કેટી પાસે ગઈ.

એણે એને પેકેટ આપ્યું.

"લે, કેટી, આ તારે માટે છે."





"અરે, જુઓ! એક પત્ર અને થોડા કાગળના ફૂલ અને પક્ષીઓ. પણ આ શું છે?"

કેટીએ એનાની ભેટ ઉપરથી સુંદર લપેટેલો કાગળ ખોલીને જોયું.



"એમિલી! ઓહ, એના, શું તું સાચે

મને એમિલી આપી રહી છે?"

એનાએ એનો શ્વાસ રોક્યો.

એણે હકારમાં માથું હલાવ્યું.



"આભાર! આભાર!" કેટીએ કહ્યું.

એનાની માઁ એ એને આલિંગનમાં લીધી,

અને કહ્યું, "એના, તું બહુ સારી બેટી - બહેન છે.

કેટલી સુંદર ભેટ છે. તું કેટલી મોટી થઈ ગઈ છે!"

અને કેટીએ એમિલીને એની બાજુમાં પથારીમાં

સૂવડાવી દીધી.







જયારે એનાની નાની બહેન કેટી અચાનક માંદી થઈ જાય છે અને એને હોસ્પિટલ લઈ જવામાં આવે છે, તો મોટી બહેન હોવાને લીધે એના ચિંતિત અને ઉદાસ થઈ જાય છે. એ એની નાની બહેન માટે એક વિશેષ ભેટ લઈ જવાનો નિર્ણય કરે છે. એના એ વાતને લીધે બહુ ખુશ થાય છે કે એને એની નાની બહેનને સારા માં સારી ભેટ આપવા માટે શ્રેષ્ઠ વિચાર આવ્યો છે અને ખબર પડી ગઈ છે કે કેટીને અચંબિત કરવા માટે સાચે એક શાનદાર ભેટ કઈ છે! એનાએ એની સૌથી મનગમતી ઢીંગલી એમિલીને એની નાની બહેન કેટીને એક વિશેષ ભેટના રૂપમાં આપી દીધી.